# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. ભારત ફીજીમાં જન ઔષધિ કેન્દ્ર શરૂ કરશે તેવી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી
2. પ્રધાનમંત્રી આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે,પાંચ હજાર 400 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ –ખાતમુહૂર્ત કરશે.
3. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 130- મા બંધારણ સંશોધન ખરડા 2025 ના વિરોધ અંગે વિરોધ પક્ષના દળ પર પ્રહાર કર્યા.
4. ઉત્તરપ્રદેશમાં માર્ગ અકસ્માતમાં 9ના મોત, 45 લોકો ઈજાગ્રસ્ત.
5. કેનેડાના પ્રધાનમંત્રીએ શાંતિ કરારમાં મજબૂત સુરક્ષા બાંહેધરીની યુક્રેનની માગનું સમર્થન કર્યું.
6. અમેરિકી ઑપન ટેનિસ સ્પર્ધામાં એમ્મા રેડુકાનુએ જાપાનનાં ખેલાડીને હરાવી પહેલા રાઉન્ડમાં જીત મેળવી.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# FIJI PM INDIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફિજીના પ્રધાનમંત્રી સિતિવેની રાબુકા વચ્ચે હાલ નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી.

બેઠક બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે આજની દ્વિપક્ષિય બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવ્યાં છે. તેમણે આ બેઠકને ફિજી અને ભારતના સંબંધોના નવા અધ્યાય સ્વરૂપ ગણાવી હતી.. તેમણે આ બેઠકના નિર્ણયોની માહિતી આપાત કહ્યું હતું કે ભારત ફીજીમાં જનઔષધિકેન્દ્રો શરૂ કરશે. તેમણે કહ્યું કે બંને દેશોએ આતંકવાદ સામેની લડાઇમાં ખભાખભા મિલાવીને કામ કરવાનો સંકલ્પ કર્યો છે.

(બાઈટ – પીએમ ફીઝ)

આ અગાઉ શ્રી રાબુકાએ રાજઘાટ પહોંચીને મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ અર્પણ કરી. શ્રી મોદીએ શ્રી રાબુકાના સન્માનમાં આજે ભોજન સમારોહનું પણ આયોજન કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, ત્રણ દિવસના ભારત પ્રવાસ પર શ્રી રાબુકા ગઈકાલે નવી દિલ્હી આવ્યા છે. આજે સાંજે તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરશે.

. . . . . . . . . . . . . .

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાતે આવશે. તેઓ સાંજે અમદાવાદમાં પાંચ હજાર 400 કરોડ રૂપિયાની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં અમદાવાદ અને ગાંધીનગરમાં બે હજાર 500 કરોડ રૂપિયાની શહેરી વિકાસ પરિયોજના તથા એક હજાર 100 કરોડ રૂપિયાની વિદ્યુત પૂરવઠા પરિયોજના સામેલ છે.

બે દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન શ્રી મોદી આજે સાંજે અમદાવાદના નિકોલમાં જનસભા પણ સંબોધશે. હરિદર્શન સર્કલથી રોડ શૉ યોજી શ્રી મોદી સભાસ્થળ પર પહોંચશે. સાંભળીએ અમારાં સંવાદદાતા અપર્ણા ખુંટનો અહેવાલ..

**(V/C- APARNA KHUNT)**

. . . . . . . . .

# HM INTERVIEW

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 130-મા બંધારણ સંશોધન ખરડા 2025ના વિરોધ અંગે વિરોધ પક્ષના દળ પર પ્રહાર કર્યા. એક સમાચાર સંસ્થા સાથેની રૂબરૂ મુલાકાતમાં શ્રી શાહે વિરોધ પક્ષના નેતાઓ પર જેલમાં હોવા છતાં સરકાર બનાવવા અને ચલાવવાના પ્રયાસ કરી રહ્યા હોવાનો આક્ષેપ લગાવ્યો. તેમણે આ ખરડા સામે વિપક્ષના વિરોધને લોકશાહી વિરોધી ગણાવ્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જ પ્રધાનમંત્રી પદને પણ આ ખરડા હેઠળ લાવવા પર ભાર આપ્યો હતો તેમ શ્રી શાહે ઉંમેર્યું. તેમણે ભારતીય લોક પ્રતિનિધિત્વ અધિનિયમનો પણ ઉલ્લેખ કર્યો.

## (BYTE: AMIT SHAH, HM) - MINISTER REVIEW

શ્રી શાહે કહ્યું, જો કોઈ ચૂંટાયેલા પ્રતિનિધિને બે વર્ષ કે તેથી વધુ સજા થાય છે તો તેને સંસદ સભ્ય પદ પરથી દૂર કરાશે. 130-મા બંધારણ સંશોધન ખરડા અંગે સંયુક્ત સંસદીય સમિતિ- JPC-ના વિરોધ પક્ષના દળ દ્વારા બહિષ્કાર અંગે શ્રી શાહે કહ્યું, JPC પોતાનું કામ કરશે.

## (BYTE - AMIT SHAH, HM) JPC

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

.......

# DAY SUBHANSHU LUCKNOW

ભારતીય અવકાશયાત્રી અને ગૃપ કૅપ્ટન શુભાંશુ શુક્લા આજે લખનઉ પહોંચ્યા. ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠ  કે લખનઉ વિમાનમથક પર તેમનું સ્વાગત કર્યું.

શુભાંશુ શુક્લા તેમની શાળા દ્વારા તેમના સન્માનમાં યોજાયેલી વિજય પરેડમાં જોડાયા. દરમિયાન વિદ્યાર્થીઓ અને સ્થાનિકોએ તેમની પર પુષ્પ વર્ષા કરી અને ત્રિરંગો લહેરાવી શ્રી શુક્લાને અભિનંદન પાઠવ્યા.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠકે કહ્યું    , શુભાંશુ શુક્લાએ આપણા શહેર અને દેશનું ગૌરવ વધાર્યું છે.

આજે સાંજે  ઉત્તરપ્રદેશના વિજ્ઞાન અને ટૅક્નોલૉજી વિભાગ દ્વારા યોજાનારા એક કાર્યક્રમમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ શુભાંશુ શુક્લાનું સન્માન કરશે.

. . . . . . . . . .

# BULANDSHAHR ACCIDENT

ઉત્તરપ્રદેશના બુલંદશહરમાં ગઈકાલે મોડી રાત્રે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં લગભગ નવ લોકોના મોત. જ્યારે 45 જેટલા લોકો ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે.

રાષ્ટ્રીય ધોરીમાર્ગ 34 પર ઘટાલ ગામ પાસે એક કન્ટેનર અને ટ્રેક્ટર વચ્ચે ટક્કર થતાં આ અકસ્માત સર્જાયો હતો. ગોગાજીના શ્રદ્ધાળુઓ ટ્રેક્ટરમાં ઉત્તરપ્રદેશના કાસગંજથી રાજસ્થાનના ગોગામેડી જઈ રહ્યા હતા.

. . . . . . . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગે આગામી બે દિવસ દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. ગુજરાત , ઓડિશા, રાજસ્થાન અને ઉત્તરાખંડમાં કેટલાક સ્થળ પર આવતીકાલ સુધી ભારે વરસાદ થઈ શકે છે.

અરૂણાચલ પ્રદેશ , આસામ, મેઘાલય, બિહાર, છત્તીસગઢ, આંધ્રપ્રદેશના દરિયાકાંઠા, હરિયાણા, પંજાબ, દિલ્હી, હિમાચલ પ્રદેશ , જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, ઉત્તરપ્રદેશ, ઝારખંડ, કોંકણ અને ગોઆ , મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળના હિમાલયન ક્ષેત્ર અને સિક્કિમના કેટલાક વિસ્તારમાં આજે ભારે વરસાદની સંભાવના છે. આ સ્થળ પર આગામી બે દિવસ ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદની શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CANADA UKRAINE

કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીએ યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીને કહ્યું, તેઓ કોઈ પણ શાંતિ કરારમાં મજબૂત સુરક્ષા બાંહેધરીની યુક્રેનની માગનું સમર્થન કરે છે.

તેમણે કહ્યું, કેનેડા એવી કોઈ વ્યવસ્થા હેઠળ સેના મોકલવાનો ઇનકાર નહીં કરે. માર્ચમાં પદગ્રહણ કર્યા બાદ પહેલી વાર યુક્રેનના પ્રવાસે ગયેલા શ્રી કાર્ની ગઈકાલે યુક્રેનના સ્વતંત્રતા દિવસ નિમિત્તે મધ્ય કીવમાં યોજાયેલા સમારોહમાં શ્રી ઝેલેન્સ્કી સાથે સામેલ થયા હતા. આ સમારોહમાં યુક્રેન માટે શ્રી ટ્રમ્પના વિશેષ દૂત કીથ કેલૉગ પણ જોડાયા હતા.

યુક્રેન પર રશિયાના હુમલાના સાડા ત્રણ વર્ષ બાદ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ શાંતિ પ્રયાસનું નેતૃત્વ કરી રહ્યા છે. જ્યારે યુક્રેન પોતાના યુરોપીયન ભાગીદારો સાથે મળીને યુક્રેન માટે સુરક્ષા બાંહેધરીની સંભવિત વ્યૂહરચના તૈયાર કરી રહ્યું છે.

શ્રી ઝેલેન્સ્કી સંભવિત શાંતિ કરાર હેઠળ ભવિષ્યની સુરક્ષા બાંહેધરી , નાટોના અનુચ્છેદ પાંચની સાથે સુસંગત હોય તેવું ઇચ્છે છે. નાટોનો આ અનુચ્છેદ કોઈ પણ સભ્ય દેશ પર હુમલાને સંગઠનના તમામ સભ્યો સામે થયેલો હુમલો ગણે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# US OPEN

અમેરિકી ઑપન ટૅનિસ સ્પર્ધામાં એમ્મા રેડુકાનુએ જાપાનનાં એના શિબાહારાને 6—1, 6—2થી હરાવી પહેલા રાઉન્ડમાં જીત મેળવી.

વર્ષ 2021માં ખિતાબ જીત્યા બાદ એમ્મા રેડુકાનુને અમેરિકી ઑપનમાં આ પહેલો વિજય છે. આ સિઝનમાં અત્યાર સુધી તેમના ભવ્ય પ્રદર્શનને જોતા અમેરિકી ઑપનમાં તેઓ સારું પ્રદર્શન કરે તેવી અપેક્ષા છે.

. . . . . . . . . . .

# ISRAEL GAZA OFFENSIVE

ઇઝરાયેલે ગાઝાના મોટા શહેરી વિસ્તાર પર કબજા માટે હવાઈ અને જમીની હુમલા કર્યા છે. સ્થાનિકોએ શહેરના ઉત્તર અને પૂર્વ વિસ્તારમાં સતત વિસ્ફોટ થયાનું જણાવ્યું છે. ઇઝરાયેલના સંરક્ષણ મંત્રી ઈસ્રૈલ કાત્ઝે કહ્યું , ઇઝરાયેલનું સંરક્ષણ દળ હમાસને હરાવવા , તમામ બંધકની મુક્તિ સુનિશ્ચિત કરવા તેમજ યુદ્ધ સમાપ્ત કરવા માટે સંપૂર્ણ તાકાતથી હુમલો યથાવત્ રાખશે.

શ્રી કાત્ઝે શુક્રવારે કહ્યું હતું કે, જો હમાસ યુદ્ધ સમાપ્ત કરવા તમામ બંધકોની મુક્તિ અને આ વિસ્તાર પર ઇઝરાયેલની સ્થાનિક સુરક્ષા નિયંત્રણની શરતો પર સંમત નહીં થાય તો ગાઝાને તબાહ કરી દેવાશે. આ પહેલા ઇઝરાયેલી સેનાએ જણાવ્યું હતું કે, તેમણે ઉત્તર ગાઝાપટ્ટીના જબાલિયા પર હુમલો વધારી દીધો છે. સેનાએ જણાવ્યું , અન્ય ક્ષેત્રોમાં હુમલો વધારવાનો ઉદ્દેશ હમાસ હમાસના લડવૈયાઓને ફરીથી એકઠા થતા અટકાવવાનો છે.

. . . . . . . . .